# વાયરલ ફીવર વચ્ચે ડેન્ગ્યુનો પ્રકોપ: 1 મહિનામાં 155 કેસ

**બે** મહિનામાં ડેન્ગ્યુના કારણે ત્રણનાં મોત, દવાખાનાંમાં દર્દીઓની સંખ્યા વધી



સુરતઃ વાયરલ ફીવર વચ્ચે ડેન્ગ્યુનો પ્રકોપ ઝડપથી ફેલાઈ રહ્યો છે. છેલ્લા એક મહિનામાં ડેન્ગ્યુના 155 કેસ જોવા મળ્યા છે. જ્યારે બે મહિનામાં ડેન્ગ્યુના કારણે ત્રણનાં મોત થયાં છે. હોસ્પિટલમાં દરરોજ 50થી 70 શંકાસ્પદ ડેન્ગ્યુના દર્દીઓ આવી રહ્યા છે. તેમાંથી અડધાને ડેન્ગ્યુના શંકાસ્પદ તરીકે દાખલ કરવામાં આવી રહ્યા છે. ખાનગી હોસ્પિટલો અને નાનાં દવાખાનાંમાં પણ રોજના સેંકડો દર્દીઓ જોવા મળી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગયા વર્ષે ઓગસ્ટ માસ સુધીમાં ડેન્ગ્યુના 285 કેસ નોંધાયા હતા. જ્યારે આ વર્ષે ઓગસ્ટ માસ સુધીમાં 419 કેસ જોવા મળ્યા છે. 3 સપ્ટેમ્બર સુધીમાં ડેન્ગ્યુના 15 કેસ નોંધાયા હતા. ડોક્ટરોએ જણાવ્યું કે, સપ્ટેમ્બરથી ડેન્ગ્યુના કેસ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. આ ઓક્ટોબર, નવેમ્બર, ડિસેમ્બર અને જાન્યુઆરી સુધી વ્યાપકપણે જોવામાં આવશે. ચારથી પાંચ મહિનાનો આ સમયગાળો ડેન્ગ્યુના મચ્છરના વિકાસ માટે એકદમ સાનુકૂળ છે. હાલ ડેન્ગ્યુનાં લક્ષણો સાથે આવતા દર્દીઓ 4થી 10 દિવસથી તાવની આવવાની ફરિયાદ કરી રહ્યા છે. આ દરમિયાન ડેન્ગ્યુનાં લક્ષણો પણ દેખાવા લાગે છે. આ લક્ષણો હળવાથી ગંભીર સુધીના હોય છે.

### આ લક્ષણ સાથે આવતા દર્દીઓ

1. 104 Fનો ઊંચો તાવ
2. સ્નાયુ અને સાંધામાં દુખાવો, હાડકાનો તાવ તૂટવો
3. માથાનો દુખાવો, આંખો પાછળ તીવ્ર દુખાવો
4. ત્વચા પર ચકામા
5. ઊલટી અને ચક્કર
6. થાક અને નબળાઈ
7. ગંભીર કિસ્સાઓમાં શ્વાસ લેવામાં તકલીફ

### ઉમરવાડાના 21 વર્ષીય યુવકનું તાવથી મોત

સુરતઃ ઉમરવાડાના 21 વર્ષીય યુવકનું તાવને કારણે મોત નીપજ્યું હતું. મૂળ બિહાર પટનાના વતની અને હાલ ઉમરવાડા રાજુનગરમાં હરિઓમ સંજય યાદવ (ઉં.વ.21) પરિવાર સાથે રહેતો હતો. હરિઓમ રેડિમેઇડ કપડાંની દુકાનમાં નોકરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. હરિઓમને છેલ્લા બે દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. મંગળવારે હરિઓમની તબિયત લથડતાં તે બેભાન થઈ ગયો હતો. જેથી બેભાન હાલતમાં તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે હરિઓમને મૃત જાહેર કર્યો હતો.

### સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના કેસ

| મહિનો | 2023 | 2024 |
|---|---|---|
| જાન્યુઆરી | 9 | 62 |
| ફેબ્રુઆરી | 12 | 23 |
| માર્ચ | 5 | 31 |
| એપ્રિલ | 14 | 50 |
| મે | 6 | 35 |
| જૂન | 6 | 8 |
| જુલાઈ | 49 | 55 |
| ઓગસ્ટ | 184 | 155 |
| કુલ | 285 | 419 |

### ડોક્ટરો ઓપીડીમાં દર્દીઓને આ ઉપાયો સૂચવી રહ્યા છે

1. મચ્છરદાનીનો ઉપયોગ
2. મચ્છર ભગાડનારી ક્રીમનો ઉપયોગ
3. આખા શરીરને ઢાંકી દે તેવાં કપડાં પહેરો
4. ઘરની અંદર અને આસપાસ સ્વચ્છતા જાળવો
5. બારીઓ અને દરવાજા પર જાળી સ્થાપિત કરો
6. લક્ષણો દેખાય કે તરત હોસ્પિટલ આવો.

## સચિન GIDCમાં સાઈકલ સવાર વૃદ્ધને રિક્ષાચાલકે અડફેટે લેતાં મોત

સુરતઃ સચિન જીઆઈડીસીમાં સાઈકલ સવાર વૃદ્ધને રિક્ષા ચાલકે અડફેટે લેતા મોત નિપજ્યું હતું. મૂળ જૂનાગઢના વતની અને હાલ સચિનના જમશેદ નગરમાં વસંત અમૃતભાઈ ઉપાધ્યાય (61 વર્ષ) પરિવાર સાથે રહેતા હતા. તે સચિન જીઆઈડીસી ખાતે આવેલ એક કંપનીમાં વોચમેન તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. 18 ઓગસ્ટના રોજ તેઓ કંપનીમાં કામ કરતા મિત્રની સાઈકલ લઈને ચા-નાસ્તો કરવા માટે ગયા હતા. તે સમયે રિક્ષા ચાલકે વસંતની સાઈકલને ટક્કર મારી હતી. જેથી તેને નવસારીની ખાનગી હોસ્પિટલમાં ત્યારબાદ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે રાત્રે તેનું મોત નિપજ્યું હતું.

### સંક્ષિપ્ત સમાચાર

## અમરોલી અંજની ઈન્ડસ્ટ્રિયલમાં સાડીના ગોડાઉનમાં આગ લાગતાં અફરાતફરી

સુરતઃ શહેરના અંજની ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ચાર માળના સાડીના ગોડાઉનમાં વહેલી સવારે આગ લાગતા ભારે અફરાતફરી મચી જવા પામી હતી. બનાવની જાણ થતા જ ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા ત્રણ અલગ અલગ ફાયર સ્ટેશનથી કાફલો ઘટના સ્થળે ખડકી દેવાયો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહમત બાદ આગને કાબુમાં લીધી હતી. આ દરમિયાન સાડીનો જથ્થો તથા એ.સી, ફર્નિચર સહિતનો સામાન બળીને ખાક થઈ ગયો હતો. ફાયર વિભાગ પાસેથી પ્રાપ્ત અંજની ઇન્ડસ્ટ્રી વિભાગ ૩માં વહેલી સવારે સાત વાગ્યે અચાનક જ સાડીના ગોડાઉનમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા ગણતરીની મિનિટોમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી દીધું હતું.

## વીમા કંપનીને ગ્રાહક કોર્ટની લપડાક, ક્લેઈમના 2.22 લાખ ચૂકવવા હુકમ

સુરતઃ વીમા કંપનીને ગ્રાહક કોર્ટની લપડાક મળી હતી. ગ્રાહક કોર્ટે ક્લેઈમની રકમ ચુકવી આપવા વીમા કંપનીને હુકમ કર્યો હતો. કેસની વિગત એવી છે કે ફરિયાદી પ્રવિણ પરસોત્તમ માવાણી છે. સામાવાળા તરીકે સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઇન્સ્યોરન્સ કં.લિ. છે. ફરિયાદીએ સામાવાળી કંપની પાસેથી પોલિસી લીધી હતી. ફરિયાદીને ડેંગ્યુ થતા હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર લીધી હતી. વીમા કંપનીએ નોનડિસ્ક્લોઝરનું બહાનું બતાવીને ક્લેઈમ નામંજૂર કર્યો હતો. ફરિયાદીએ એડવોકેટ નરેશ નાવડિયા મારફત વીમા કંપની વિરુદ્ધ ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. કેસ ચાલી ગયો હતો. ગ્રાહક કોર્ટે ફરિયાદીની ફરિયાદ મંજૂર કરીને ક્લેઈમની રકમ 2.22 લાખ રૂપિયા વ્યાજ સહિત ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

## સુરત જિલ્લા આરોગ્ય વિભાગની બે મેડિકલ ટીમ વડોદરામાં પૂરગ્રસ્તોની વ્હારે

સુરતઃ વડોદરામાં પૂર ઓસર્યા બાદ ફ્લડ રાહતની કામગીરી માટે સમગ્ર તંત્ર રાતદિન કાર્યરત છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં વડોદરાના જરૂરિયાતમંદ નાગરિકોને આરોગ્ય સંબંધિત અસુવિધા ઊભી ન થાય તે માટે ઠેર-ઠેર માનવ અને આરોગ્ય સેવાનું ઉમદા કાર્ય કરવામાં આવી રહ્યું છે. ત્યારે સુરતના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલના નિર્દેશ અનુસાર સુરત આરોગ્ય વિભાગની બે ટીમ એમ્બ્યુલન્સ વાન સાથે વડોદરા ખાતે આરોગ્યલક્ષી સેવા આપી રહી છે. જરૂરિયાતમંદોને જરૂરી તબીબી સેવાઓ અને આવશ્યક દવાઓ પૂરી પાડીને સ્વાસ્થ્ય સંબંધિત કોઈ પણ મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે એ માટે નાના-મોટા વડીલો સૌ કોઈના આરોગ્યની સંપૂર્ણ કાળજી રાખી રહી છે.

## ઝુલેલાલ ચાલીયા સાહેબની જ્યોત અને મટકી સાથે ભવ્ય યાત્રા



(તસવીર : હેમંત ડેરે)

■ જય સાધણી માતા સેવા સમિતિ દ્વારા પાલનપુર પાટિયા વર્ષા સોસાયટીથી સાધણી માતા મંદિરથી ઝૂલેલાલ ચાલીયા સાહેબની જ્યોત અને મટકી સાથે ભવ્ય જુલૂસ યાત્રા બેન્ડબાજા સાથે વાજતેગાજતે નીકળી હતી. જે પાલનપુર પાટિયા થઈ જહાંગીરપુરા રામમઢી ઓવારામાં તેનું વિસર્જન કરાયું હતું.

## અડાજણની કોટક મહિન્દ્રા બેંકના મેનેજરના ઘરે તસ્કરોએ ધાપ મારી

**પરિવાર** રાત્રે પહેલા માળે સૂતો હતો અને તસ્કરો 90 હજારની ધાપ મારી ગયા

સુરતઃ ભેસ્તાનનાં પ્રમુખ પાર્ક પાસે શિવમ રો હાઉસમાં રહેતા બેંક મેનેજરનો પરિવાર ગઈ કાલે રાત્રે મકાનના પહેલા માળે ઘર બંધ કરી સૂતો હતો ત્યારે તસ્કરો મકાનના મુખ્ય દરવાજા નું લોક તોડી નાખી ઘરમાં પ્રવેશ્યા. મકાનમાં નીચેના ભાગમાં મુકેલા કબાટમાંથી રોકડા રૂપિયા તથા સોનાના દાગીના મળી કુલ રૂપિયા 90 હજારની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં મેનેજરે અજાણ્યા વિરૂદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

ભેસ્તાન પોલીસ પાસે મળતી માહિતી મુજબ ભેસ્તાન પ્રમુખ પાર્ક પાસે આવેલ મેરી માતા સ્કૂલની બાજુમાં આવેલ શિવમ રો હાઉસમાં રહેતા કૃણાલ વિજયકુમાર મુંબઈવાલા જે અડાજણની કોટક મહિન્દ્રા બેંકમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. કૃણાલ ભાઈએ અજાણ્યા વિરુદ્ધ ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, મેનેજર કૃણાલ અને તેનો પરિવાર 29મીની રાત્રે પહેલા માળે સૂઈ ગયો હતો. મેનેજર કૃણાલની માતા વહેલી સવારે ઉઠ્યાં ત્યારે મકાનનો મુખ્ય દરવાજાનો નચુકો તૂટેલી હાલતમાં હતો. જેથી તેની માતા બૂમ પડતાં પરિવારના તમામ સભ્યો નીચે આવી ગયા હતા. બાદમાં તપાસ કરતા મકાનના નીચેના ભાગમાં રહેલા કબાટમાંથી ચોરી થઈ હોવાનું માલમ પડ્યું હતું. તસ્કરો કબાટમાંથી 32 હજારના સોનાના દાગીના 32 હજારના અને 58 હજારે રોકડ ચોરી ગયા હતા.

## વર્ક વિઝાના નામે રૂ.28.50 લાખની ઠગાઈ કરનાર બંટી-બબલી ઝડપાયાં

**રિંગ** રોડની જે.કે. ટાવરનાં ભૂમિ પરમાર અને ભાવનગરના હરેશ બારિયાએ તમામને ઝાંસામાં લીધા હતા

સુરતઃ રિંગ રોડ પાસે જે.કે. ટાવરમાં ઓફિસ ધરાવતી ભૂમિ પરમાર અને ભાવનગરના હરીશ બારૈયા સુરત ભાવનગર અને રાજસ્થાનના કુલ 6 લોકોને દુબઈ થઈ યુરોપ ન્યૂઝીલેન્ડ અને સ્પેનના વિઝા આપવાના બહાને 28.50 લાખ પડાવી લઈ ફરાર થઈ ગયા હતા. ખટોદરા પોલીસ પાસે મળતી માહિતી મુજબ દાઉસિંહ સોહન સિંહ (રહે.,ગુડા બીલ્યા, રાજસ્થાન), ભૂમિ ભાવિક પરમાર(રહે.,જે.કે.ટાવર, રિંગ રોડ) અને હરેશ વના બારિયા (રહે.ભાવનગર) સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ પદ્માવતી ઈન્ટરનેશનલના સંચાલક ભૂમિ પરમારને હરીશ બારિયાના હસ્તે જૂન-2023માં વિશાલ રાજુ (રહે., રાજસ્થાન), અલ્પેશ મકવાણા (રહે., મથાવાડા, ભાવનગર), જયદીપ દેવમુરારી તથા દિયોરા જીવરાજ (રહે., ખોશીયા, ભાવનગર) પાસેથી દુબઈ થઈ યુરોપ, ન્યૂઝીલેન્ડ તથા સ્પેનના વિઝા તથા વર્ક પરમિટ કઢાવી આપવાનું કામ લીધું હતું. જે કામ પેટે ભૂમિ અને હરીશે 6 લોકો પાસે 28.50 લાખ પડાવી લીધા હતા. ભૂમિએ એક વર્ષ જેટલો સમય વિતી ચૂક્યો હોવા છતાં વિઝા કઢાવી આપ્યા ન હતા. જેથી તમામ 6 લોકોએ તેમના પૈસા પરત માંગતાં હરીશ અને ભૂમિએ હાથ ખંખેરી લીધા હતા. બાદ મોબાઈલ ફોન બંધ કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે બંને આરોપીની ધરપકડ કરી હતી.

## 270 આવાસ 13 વર્ષ સુધી ફાળવાયાં નહીં, હવે મરામતમાં 3.71 કરોડ ખર્ચાશે

**ભેસ્તાનમાં** ફાળવણી નહીં થવાથી પડ્યા પડ્યા ખંડેર બની ગયાં

**નળ,** વોટરપંપ, ઇલેક્ટ્રિફિકેશન, બારીના કાચ અને કલરકામ બાકી રખાયું હતું

સુરતઃ સુરત મનપાના વિવિધ વિભાગો વચ્ચે સંકલનના અભાવે ઘણી વખત પ્રજાના કરવેરાના કરોડોનાં નાણાંનો વ્યય થાય છે, જેનું ઉદાહરણ ભેસ્તાન ખાતે ૨૦૧૧માં જેએનયુઆરએમ યોજના હેઠળ બનેલાં 270 આવાસ છે. આ આવાસો 13 વર્ષ સુધી કોઇને ફાળવાયાં જ નહીં અને હવે તે ખખડી જતાં રિપેરિંગ તેમજ બાકીનું કામ પૂરું કરાવવા માટે 3.71 કરોડના ખર્ચના અંદાજો ઇમ્પ્રુવમેન્ટ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે.

નડતરરૂપ ઝૂંપડપટ્ટીના લોકોને ફાળવવા 2011માં જવાહરલાલ નેહરુ અર્બન મિશન યોજના અંતર્ગત ભેસ્તાનમાં ૨૭૦ જેટલાં આવાસ 4.29 કરોડના ખર્ચે બનાવાયાં હતાં. જોકે સંકલનના અભાવે એવી જગ્યાએ આવાસો બન્યા કે આ આવાસોમાં રહેવા કોઇ તૈયાર નહીં હોવાથી તેમાં બાંધકામ થઈ ગયા બાદ નળ, વોટરપંપ, ઈલેક્ટ્રિફિકેશન, બારીના કાચ અને કલરકામ બાકી રાખવામાં આવ્યાં હતાં. હવે 13 વર્ષમાં આવાસો ખખડી ગયા હોવાથી તેની મરામત કરી લાભાર્થીઓને ફાળવી શકાય એ માટે રિપેર કરવા 3.71 કરોડના અંદાજો મંજૂર કરવાની દરખાસ્ત સ્લમ ઇમ્પ્રુવમેન્ટ કમિટી સમક્ષ મૂકવામાં આવી છે.

### દરવાજા અને બારીઓ પણ ચોરાઈ ગઈ

આ આવાસ તૈયાર થઈ ગયાનાં પાંચ વર્ષ બાદ અહીં પાલિકાએ રોડ, ડ્રેનેજ અને પાણી પુરવઠા સહિતની સુવિધાઓ પૂરી પાડી હતી. જો કે, અત્યાર સુધી તમામ આવાસો બિનવપરાશી હાલતમાં હોવાથી લાઇટ કનેક્શન નથી. આ વિસ્તારમાં જે-તે સમયે લોકોની અવરજવર પણ ઓછી હોવાથી બારીના કાચ, દરવાજા, પ્લમ્બરિંગ લાઇન, નળ સહિત અન્ય વસ્તુઓ પણ ચોરાઈ ગઈ છે અને 4.29 કરોડના ખર્ચે તૈયાર થયેલાં આવાસોને ફરીથી 3.71 કરોડના ખર્ચે મેઇન્ટેન કરવા પડે તેવી હાલત સર્જાઇ છે.

**આજે શિક્ષક દિવસ** શાળાના સમય બાદ દર શનિવારે એક દિવસ રોજગારીલક્ષી શિક્ષણ પણ અપાય છે

# ‘ધ્યાનથી ભણો, જ્ઞાન લણો ને રૂપિયા ગણો’

**આર્થિક** પરિસ્થિતિને કારણે શાળા છોડનાર વિદ્યાર્થીઓ અભ્યાસ ચાલુ રાખે તે માટે વી.ટી.ચોક્સી સ્કૂલના આચાર્યનું અનોખું અભિયાન

સુરત : આજથી 98 વર્ષો પૂર્વે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પૂજનીય સ્થાપક ચુનીલાલ ઘેલાભાઈ શાહ સાહેબ દ્વારા ઈ.સ.1926 માં સ્થપાયેલી શહેર અને સમગ્ર રાજ્યની જુની શાળાઓમાંની એક એવી સુરત ખાતેના રામપુરા વિસ્તાર સ્થિત વી ટી ચોકસી હરિપુરા સાર્વજનિક હાઈસ્કુલ ને શૈ વર્ષ 2025-26 દરમિયાન પોતાના દમદાર અસ્તિત્વના 100 વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવા જઈ રહ્યા છે જે ‘શતાબ્દી મહોત્સવ’ તરીકે એકદમ અનોખી રીતે ઉજવવાનું આગોતરું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે.

હાલના સમયમાં શહેરના જુદા જુદા ટ્રસ્ટોની જે શાળામાં ભણીને વિદ્યાર્થીઓ સમગ્ર દુનિયામાં ખ્યાતિ પામ્યા છે. તે શાળાઓમાં હવે વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ ઘટી રહી છે. તેનું મુખ્ય કારણ આજના વાલીઓ શિક્ષકની ગુણવત્તા પર ઓછો અને ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપર વધુ ભાર મૂકી રહ્યાં છે. આવી શાળાઓને જીવંત રાખવા માટે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના શિક્ષકો તેમની રીતે બનતા પ્રયત્નો કરી રહ્યાં છે. આવી જ એક શાળા છે હરીપુરામાં આવેલી વી.ટી. ચોક્સી સ્કૂલ. આર્થિક કારણસર જો કોઈ વિદ્યાર્થીઓ શાળા છોડી રહ્યાં હોય તો તેમના માટે એક ખૂબ જ પ્રોત્સાહક પ્રયત્ન આ શાળા દ્વારા કરવામાં આવ્યો છે.

શાળા સમય બાદ દર અઠવાડિયે ફક્ત એક દિવસ એટલે કે દર શનિવારે શાળા સમય બાદ 11:15 થી 12:45 દોઢ કલાકના રોજગારલક્ષી અભ્યાસક્રમ વિદ્યાર્થીઓ તથા વાલીઓના સહકારની અપેક્ષા એ શાળામાં ટૂંક સમયમાં દાખલ કરવામાં આવશે . એ સંદર્ભે શાળાના આચાર્ય વિજયકુમાર રોહિતભાઈ બારોટ દ્વારા એમના કાકી સ્વ.વિદ્યાબેન રજનીકાંત બ્રહ્મભટ્ટ, વડોદરાના સ્મરણાર્થે ‘માં વિદ્યા,માં શારદા સાધના શિષ્ય સહાય’ ના નામથી નિયમિત હાજરી દ્વારા શાળાકીય શિક્ષણ સુધારણા સાથે જ રોજગારલક્ષી શિક્ષણ પ્રાપ્તિ દ્વારા વિદ્યાર્થીઓનો હકીકતમાં શૈક્ષણિક ઉત્કર્ષ થાય તે માટે વ્યક્તિગત રીતે દરેક નિયમિત શિસ્તબદ્ધ બાળકને આર્થિક સહાય કરવાના શુભ આશયથી રોજિંદા વર્ગમાં નિયમિત હાજર રહી દર શનિવારે શાળા સમય બાદના બે તાસ માં રોજગારલક્ષી આ તાલીમ અભ્યાસ ક્રમમાં જોડાનાર ધો.૧૦, ૧૧ દરેક વિદ્યાર્થીના વાલીના બેંક ખાતામાં ૨૦૦/ બસો રૂપિયા તથા ધો.૧૨ના વિદ્યાર્થીને દર મહિને ૫૦૦ પિયા દર મહિનાની તા.૧૦ થી તા.૧૫ દરમિયાન જે તે માસ અગાઉના માસ દરમિયાનની વિદ્યાર્થીની શાળામાં ૯૦% નેવું ટકા શિસ્તબદ્ધ હાજરીની શરતે ચાલુ શૈક્ષણિક વર્ષ ઓગસ્ટ ૨૪ થી ફેબ્રુઆરી ૨૫ ના ૭ સાત માસ દર મહિને જમા કરાવવામાં આવશે.

જેમાં જોડાવા દરેક વિદ્યાર્થીને શાળામાં નિયમિત રીતે હાજર રહી ધ્યાનપૂર્વક અભ્યાસ કરવા તથા તાલીમ મેળવનાર વિદ્યાર્થીને જ આ લાભ આપવામાં આવે છે.

સુરત શહેરમાં જ્યારે શિક્ષણની કોઈ ખાસ સુવિધા નહીં હતી ત્યારે શહેરના શ્રેષ્ઠીઓએ જુદી જુદી એજ્યુકેશન સોસાયટી શરૂ કરીને દાતાઓના સાથથી અનેક શાળાઓ ઊભી કરી હતી. જો કે, હવે તે તમામની હાલત હાલક ડોલક થઈ રહી છે તેવા સમયમાં કેટલાક શિક્ષકો સતત શાળાઓને જીવંત રાખવા માટે પ્રયત્નશીલ છે. ડ્રોપ આઉટ રેશિયો ઓછો કરવા માટે સરકાર પણ પ્રયત્નશીલ છે. પરંતુ સરકારની મોટાભાગની યોજનાઓ કન્યા માટે હોય છે ત્યારે કુમારો પણ અધૂરૂ ભણતર છોડી નહીં દે તે માટે આવી યોજનાઓ સમયની માંગ છે.

### સંક્ષિપ્ત સમાચાર

## ડ્રીમ હાઈ ફાઉન્ડેશન અને વોક એજુકેટ દ્વારા 18નું ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન એક્સિલન્સ એવોર્ડથી સન્માન




સુરતઃ શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપીને બાળકોના ભવિષ્યને ઘડાવનાર 18 જેટલા આચાર્ય, શિક્ષકો અને શાળાઓના ટ્રસ્ટીઓને ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ એક્સ્કલેન્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ સમારોહનું આયોજન ડ્રીમ હાઈ ફાઉન્ડેશન અને વોક એજૂકેટ દ્વારા કરવામાં આવ્યું હતું. એવોર્ડ સમારોહ સાથે જ આજના બાળકો માટે સ્ક્રીન ટાઈમ એક સમસ્યા વિષય પર ફળદાયી પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લ પાનશેરિયા ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે અતિથિ વિશેષ તરીકે નવલ રાઠી, મેક્સવેલ મનોહર, દીપક રાજગુરુ, મોનિકા શર્મા, સીએ રવિ છાવછરિયા, અમિત ખંડેલા, સુભાષ દાવર, મહેન્દ્ર તાયડે, સીએ અમિત સોમાણી હજાર રહ્યા હતા.

## જીવનભારતી પ્રવૃતિ વિદ્યાલયનો નાટ્ય સ્પર્ધામાં તૃતિય ક્રમ



સુરત:જીવનભારતી મંડળ, સુરત અને હોબી સેન્ટર, સુરતના સંયુક્ત ઉપક્રમે આંતરશાળા એકાંકી સ્પર્ધાનું તારીખ 1/09/ 2024 ના રોજ રંગભવન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલયનું નાટક ‘એક શહાદત... આવી પણ’ તૃતીયક્રમ મેળવી વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું. આ નાટકમાં શ્રેષ્ઠ દિગ્દર્શક (દ્વિતિયક્રમ) નિરીક્ષક મૃગાબહેન વજીરને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમજ શાળાને પણ તૃતીય ક્રમ મેળવવા બદલ ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

## પીપી સવાણી યુનિ. દ્વારા શ્રી વલ્લભભાઈ સવાણી સારસ્વત સન્માન પર્વ-2024નું આયોજન કરાયું



સુરતઃ ગત તા. 31 ઓગસ્ટ, 2024ના રોજ પી.પી.સવાણી યુનિવર્સિટી, લાઈફ મોલ્ડિંગ એકેડેમીના સહયોગથી શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોના સમર્પણ અને જુસ્સાની ઉજવણી કરવા માટે “શ્રી વલ્લભભાઈ સવાણી સારસ્વત સન્માન પર્વ-2024”નું ગૌરવપૂર્વક આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ ગુજરાતના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરિયા અને પૂર્વ શિક્ષણ મંત્રી નાનુ વાનાણીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. શિક્ષણ દ્વારા ભારતના ભવિષ્યને ઘડવામાં તેમની નોંધપાત્ર પ્રતિબદ્ધતા બદલ વિવિધ શાળાઓના 164 જેટલા આચાર્યોનું સન્માન કરાયું હતું. આ ઉજવણીમાં યુવાનોમાં રહેલા જ્ઞાનની ઉત્કૃષ્ટતા વધારવામાં પી.પી.સવાણી યુનિવર્સિટીના સ્ટાફના ઉત્કૃષ્ટ યોગદાનની પણ પ્રશંસા કરવામાં આવી હતી. તમામ શાળાના આચાર્યોએ ભગવદ ગીતાનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવાની તેમની પહેલ માટે શિક્ષણ મંત્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો, જે એક પગલું છે. જે વિદ્યાર્થીઓના નૈતિક અને બૌદ્ધિક વિકાસમાં ઘણો ફાયદો કરશે.

## શ્રી ઉત્તર ગુજરાત બીબીએ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર નિલેશ પટેલ Ph.D. થયા



સુરત : શ્રી ઉત્તર ગુજરાત બીબીએ કોલેજ, સુરતના આસિસ્ટન્ટ પ્રોફેસર નિલેશકુમાર લક્ષ્મણભાઇ પટેલને મેનેજમેન્ટ વિષયમાં સાકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર દ્વારા ડો. જયશ્રી એસ. દત્તાના માર્ગદર્શન હેઠળ ડોકટર ઓફ ફિલોસોફીની પદવી એનાયત કરવામાં આવી છે. આ પદવી તેમણે રજૂ કરેલા ‘Comparative Analysis of Factors Affecting UPI (Unified Payment Interface). An Analysis of UPI Users with Tertiary Education in Gujarat’ અંગેના સંશોધન કાર્યના ઉપલક્ષમાં એનાયત કરવામાં આવી છે. આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય, ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તેમજ શિક્ષણ સમિતિ તરફથી અભિનંદન પાઠવાયા હતાં.

## પ્રભુનાં ઉપકારો નજર સામે આવતાં જ આંખો ભીંજાઇ જવી જોઇએ: પંન્યાસ પદ્મદર્શનવિજયજી



સુરતઃ અમદાવાદના પ્રીતમનગર સ્થિત શ્રી કુંથુનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘના આરાધના ભવનમાં પૂજ્ય પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજની પાવન નિશ્રામાં મહાવીરપ્રભુના જન્મ વાંચનનો પ્રસંગ સંગીતના સથવારે રંગે ચંગે ઉજવાયો હતો. આ પાવન પ્રસંગે હકડેઠઠ માનવ મહેરામણ ઉમટ્યો હતો. વર્ષમાં બે દિવસ જૈન શાસનમાં એવા આવે છે કે જેમાં દરેક ઉપાશ્રયો હાઉસફુલ થઈ જતા હોય છે. પ્રભુ મહાવીરદેવના જન્મવાંચન સમયે અને સંવત્સરીના દિવસે જૈનોના પ્રત્યેક પરિવારમાં ભેગા થતા હોય છે. પ્રભુના જન્મદિવસનાં વાંચન સમયે જૈનો ધનની મૂર્છા ઉતારવા માટે લાખો રૂપિયાની ઉછામણી બોલીને લાભ લેતા હોય છે. પંન્યાસ પદ્મદર્શનવિજયજી મહારાજે જણાવ્યું હતું કે; અહીં સુધી આપણા વિકાસના મૂળમાં ભગવદ્ ભક્તિ છે. પ્રભુ ભક્તિની પ્રચંડ તાકાત છે. આજનો દિવસ ધનની વાવણી કરવાનો છે. પ્રભુનાં ઉપકારો નજર સામે આવતાં જ આંખો ભીંજાઇ જવી જોઇએ.

## પ્રેસિડન્સી સ્કૂલમાં આજે શિક્ષકદિનની ઉજવણી કરાઇ



સુરતઃ ન્યુ રાંદેરરોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલમાં 5મી સપ્ટેમ્બર, શિક્ષકદિનના સંદર્ભમાં તારીખ 2જી, 3જી અને ચોથી સપ્ટેમ્બરના રોજ શિક્ષકદિન ઉજવાયો હતો. અને આ સાથે તારીખ પાંચમી સપ્ટેમ્બરના રોજ શિક્ષકદિન તથા ‘ગુરૂજન સન્માન સમારોહ’ની ઉજવણી થશે. આ ત્રણ દિવસો દરમ્યાન જુદા જુદા વિભાગોમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત સમગ્ર સ્ટાફની ભૂમિકામાં વિદ્યાર્થીઓએ બખૂબી ભૂમિકાઓ ભજવી અને વર્ગખંડો તથા શાળાની વ્યવસ્થાને ખૂબ સુંદર રીતે સાચવી હતી. ટ્રસ્ટીવર્ય પ્રાધ્યાપક એન.એમ. કારિયા, ટ્રસ્ટીવર્ય હિતેન્દ્રભાઈ ચુડાવાળા તથા આચાર્યા દીપિકાબેન વિદ્યાર્થીઓની ભૂમિકાઓ બદલ અભિનંદન પાઠવી તેઓને તૈયાર કરાવનાર શિક્ષકોની મહેનતને બિરદાવી હતી.